માઈનોર રીસર્ચ પ્રોજેક્ટ ● સંક્ષેપસાર (સમરી)

# શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં દશમ્ સ્કંધમાં ભગવાન શ્રીકૃષ્ણનું ચરિત્ર - એક અધ્યયન

ડૉ. ગીતાબેન ઉનડકટ (હિન્દી વિભાગ અધ્યક્ષ)
ડૉ. વિ. આર. ગોઢાણીયા મહિલા કોલેજ, પોરબંદર.

**પ્રસ્તાવના :**

મૂલ્યવાન હોય તે ટકી રહે છે. મૂલ્ય હીન હોય તે કાળના પ્રવાહમાં વીલીન થઈ જાય છે. તેનું સ્થાન શાશ્વત હોતું નથી. શ્રીમદ્ ભગવદ્ગીતા મહાભારત, વેદો, ઉપનિષદો આ સર્વ કાળના પ્રવાહની સામે ટકી રહ્યા છે. કારણ કે તેમનું કાળ જ્યી મૂલ્ય છે. આધ્યાત્મિક વિદ્યા અથવા બ્રહ્મવિદ્યાનું આવું જ મૂલ્યવાન રત્ન છે શ્રીમદ્ ભાગવત મહા પુરાણ.

શ્રી પદમપુરાણના ઉત્તરખંડમાં 'શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય' નામનું પ્રકરણ છે. નૈર્મિષારણ્ય દીર્ઘકાલીન સત્ર દરમિયાન સુતજી શૌનકાદિ ઋષિઓને શ્રીમદ્ ભાગવતનો મહિમા સમજાવતા કહે છે કે, 'શ્રીમદ્ ભાગવતનું શ્રવણ, ધ્યાન અને જ્ઞાનથી પણ શ્રેષ્ઠ છે. શ્રીમદ્ ભાગવત પારમહંસી સંહિતા છે. આ ગ્રંથ ભકતોને ભકિતગ્રંથ-પ્રેમ સંહિતા લાગે છે. અને જ્ઞાનીઓને જ્ઞાન સંહિતા લાગે છે તે યોગીઓને યોગશાસ્ત્ર પણ લાગે છે.

શ્રીમદ્ ભાગવત પુરાણ સાહિત્યનો મુકુટમણિ છે અન્ય પુરાણો સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર અને વંશાનુચરિત આ પાંચ લક્ષણોને ન્યાય આપતા કેવળ પુરાણ ગ્રંથો જ છે જ્યારે શ્રીમદ્ ભાગવતતો રસમયી શૈલીમાં રસેશ્વર શ્રીકૃષ્ણની લીલાઓનું ગાન છે.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં બાર સ્કન્ધ, ત્રણસો પાસઠ અધ્યાય અને અઢાર હજાર શ્લોકો જોવા મળે છે. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધ પૂર્વાધમાં એક થી ઓગણપચાસ અધ્યાય જ્યારે ઉત્તરાર્ધમાં પચાસથી નેવું અધ્યાયનો સમાવેશ થાય છે. દશમ્ સ્કંધમાં મુખ્યત્વે પરમાત્મા શ્રીકૃષ્ણની લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણના અવતારથી શરૂ કરી સમગ્ર લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

'શ્રીમદ્ભાગવત મહાપુરાણના દશમ સ્કંધ અંતર્ગત ભગવાન શ્રીકૃષ્ણનું ચરિત્ર એ શીર્ષક અંતર્ગત કુલ વીસ પ્રકારણો લખવામાં આવ્યા છે. (અનુક્રમણિકા ૧ થી ૨૦ )

**પ્રકરણ : ૧**

શ્રીકૃષ્ણ પ્રાર્દુભાવ પ્રસંગ (શ્રીમદ્ ભાગવત ૧ થી ૫ અધ્યાય)

- ભગવાન દ્વારા પૃથ્વીને આશ્વાસન, વસુદેવ દેવકી વિવાહા કંસ દ્વારા દેવકીના છપુત્રોની હત્યા
- ભગવાનનો ગર્ભ પ્રવેશ અને દેવતાઓ દ્વારા ગર્ભસ્તુતિ
- ભગવાન શ્રીકૃષ્ણનો પ્રાર્દુભાવ
- યોગમાયાની ભવિષ્યવાણી
- ગોકુલમાં શ્રીકૃષ્ણ અવતાર મહોત્સવ

**પ્રકરણ : ૨**

ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલલા (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૬ થી ૧૦)

- પૂતના ઉદ્ધાર
- શકટભંગ અને તૃણાવર્ત ઉદ્ધાર
- ઉલૂખલ બંધન
- યમલાર્જુન ઉદ્ધાર

**પ્રકરણ : ૩**

વૃદાંવન લીલા-૧ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૧૧ થી ૨૩)

- વત્સાસુર, બકાસુર ઉદ્ધાર
- અધાસુર વધ
- બ્રહ્માજીમોહ નાશ
- ધેનુકાસુર વધ

- કાલિયનાગદમન
- દાવાનલ પાન
- પ્રલંબાસુર વધ
- વર્ષા અને શરદઋતુનું વર્ણન
- વેણુગીત અને ચીરહરણ
- યજ્ઞપત્નીઓ પર કૃપા

**પ્રકરણ : ૪**

ગોવર્ધનધારણ લીલા (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૨૪ થી ૨૮)

- ઈન્દ્રમખભંગ
- ગોવર્ધન પૂજા અને ગોવર્ધન માહત્મ્ય
- ગોવર્ધન ધારણ અને ઈન્દ્રે કરેલી શ્રીકૃષ્ણ સ્તુતિ
- વરૂણલોકથી નંદજીને છોડાવી લાવતા શ્રીકૃષ્ણ

**પ્રકરણ : ૫**

રાસલીલા પ્રસંગ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૨૯ થી ૩૩)

- રાસલીલા પ્રારંભ
- શ્રીકૃષ્ણના વિરહમાં ગોપીઓની સ્થિતિ
- ગોપીગીત
- શ્રીકૃષ્ણનું પ્રગટ થઈ ગોપીઓને આશ્વાસન
- મહારાસ

**પ્રકરણ : ૬**

વૃંદાવન લીલા-૨ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૩૪ થી ૩૬)

- સુદર્શન અને શંખચૂડ ઉદ્ધાર
- યુગલ ગીત
- અરિષ્ટાસુર ઉદ્ધાર

**પ્રકરણ : ૭**

વૃંદાવન લીલા-૩ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૩૭ થી ૪૦)

- અક્રૂર આગમન
- કેશીદાનવ વધ
- વ્યોમાસુર વધ
- શ્રીકૃષ્ણ બલરામ મથુરાગમન
- અક્રૂરની સ્તુતિ

**પ્રકરણ : ૮**

મથુરા લીલા-૧ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૪૧ થી ૪૪)

- મથુરા પ્રવેશ
- કૂબ્જા પર કૃપા અને ધનુષભંગ
- કુવલ્યાપીડ ઉદ્ધાર
- મલ્લયુદ્ધ અને કંસ ઉદ્ધાર

**પ્રકરણ : ૯**

મથુરા લીલા-૨ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૪૫ થી ૪૯)

- શ્રીકૃષ્ણનો ગુરૂકુલવાસ
- ઉદ્ધવજીની વ્રજયાત્રા
- ઉદ્ધવ ગોપીઓ સંવાદ
- ભ્રમરગીત

- શ્રીકૃષ્ણનું કુબ્જા અને અક્રૂરના ગૃહે ગમન
- અક્રૂરનું હસ્તિનાપુરમાં આગમન

**પ્રકરણ : ૧૦**

જરાસંઘ કાલયવન યુદ્ધ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૫૦, ૫૧)
- જરાસંઘનું યુદ્ધ
- કાલયવનનું યુદ્ધ
- મુચકુન્દની કથા

**પ્રકરણ : ૧૧**

રૂકિમણી સ્વયંવર પ્રસંગ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૫૨ થી ૫૪)
- દ્વારકાગમન અને શ્રીકૃષ્ણની પાસે રૂકિમણીનો સંદેશ લઈ બ્રાહ્મણનું આવવું
- રૂકિમણી હરણ
- રૂકિમણી વિવાહ

**પ્રકરણ : ૧૨**

પ્રધુમ્ન ચરિત્ર પ્રસંગ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૫૫)
- પ્રર્દ્યુમ્ન જન્મ
- શમ્બ્રાસુર વધ

**પ્રકરણ : ૧૩**

સ્યમન્તકમણી પ્રસંગ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૫૬, ૫૭)
- સ્યમન્તકમણી હરણ
- શતધન્વાનો ઉદ્ધાર
- શ્રીકૃષ્ણ દ્વારા અક્રૂરજીને દ્વારકા બોલાવવા

**પ્રકરણ : ૧૪**

ભૌંમાસુરવધ પ્રસંગ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૫૯)
- ભૌમાસુર ઉદ્ધાર
- સોળ હજાર કન્યાઓ સાથે શ્રીકૃષ્ણના વિવાહ

**પ્રકરણ : ૧૫**

બલરામચરિત્ર પ્રસંગ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૫૨, ૬૫, ૬૮, ૭૯)
- બલરામ વિવાહ
- બલરામજીનું વ્રજગમન
- કૌરવો પર બલરામનો ક્રોધ
- સાંબ વિવાહ
- બલરામજીની તીર્થયાત્રા

**પ્રકરણ : ૧૬**

બાણાસુર ચરિત્ર પ્રસંગ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૬૧ થી ૬૩)
- અનિરૂદ્ધ વિવાહ
- ઉષા-અનિરૂદ્ધ મિલન
- શ્રીકૃષ્ણ બાણાસુર યુદ્ધ

**પ્રકરણ : ૧૭**

રાજસૂયયજ્ઞ પ્રસંગ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૭૧ થી ૭૫)
- પાંડવોના રાજસૂય યજ્ઞનું આયોજન
- જરાસંઘ ઉદ્ધાર
- જરાસંઘની કેદમાંથી મુક્ત રાજાઓની વિદાય
- શ્રીકૃષ્ણનું ઈન્દ્રપ્રસ્થમાં આગમન

- શ્રીકૃષ્ણની અગ્રપૂજા અને શિશુપાલ ઉદ્ધાર
- રાજસૂય યજ્ઞની પૂર્તિ અને દુર્યોધનનું અપમાન

**પ્રકરણ : ૧૮**

શાલ્વ ઉદ્ધાર પ્રસંગ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૭૬ થી ૭૮)

- શાલ્વ સાથે યાદવોનું યુદ્ધ
- શાલ્વ ઉદ્ધાર
- દન્તવક્ત્ર અને વિદુરથ ઉદ્ધાર

**પ્રકરણ : ૧૯**

સુદામા ચરિત્ર પ્રસંગ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૮૦ થી ૮૧)

- સુદામાનું દ્વારિકામાં આગમન
- શ્રીકૃષ્ણ દ્વારા સુદામાનું સ્વાગત
- સુદામાજીને ઐશ્વર્યની પ્રાપ્તિ

**પ્રકરણ : ૨૦**

શ્રીકૃષ્ણની અન્ય લીલાઓ (શ્રીમદ્ ભાગવત અધ્યાય ૫૮, ૬૦, ૬૪, ૬૬, ૬૭, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦)

- શ્રીકૃષ્ણના અન્ય વિવાહની કથા
- શ્રીકૃષ્ણ રૂક્મિણી સંવાદ
- નૃગ ચરિત્ર
- પૌંડ્રક અને કાશીરાજાનો ઉદ્ધાર
- દ્વિવિદનો ઉદ્ધાર
- ભગવાન શ્રીકૃષ્ણની પટરાણીઓ સાથે દ્રૌપદીની વાતચીત
- વસુદેવહનો યજ્ઞ, બ્રહ્મજ્ઞાન, દેવકીજીના છ પુત્રોને પાછ સોપયા
- સુભદ્રાહરણ
- શ્રીકૃષ્ણનું મીથિલા ગમન
- શિવજીનું સંકટ મોચન
- ભૃગુ દ્વારા ત્રિદેવોની પરીક્ષા
- મૃત્યુ પામેલા બ્રાહ્મણ બાળકો શ્રીકૃષ્ણ પાછા લઈ આવ્યા
- શ્રીકૃષ્ણની લીલા વિહારનું વર્ણન

**ઉપસંહાર :**

શ્રીમદ્ ભાગવત મહાપુરાણનો દશમસ્કંધ પોતાના સ્વત્વ અને પૂર્ણત્વથી સર્વ પ્રકાશિત કરનાર સર્વના આશ્રયરૂપ ભગવાન શ્રીકૃષ્ણ જ આશ્રય રૂપે વર્ણવાયા છે. દશમ સ્કંધની વિશેષતા જ એ છે કે તેના પ્રતિપાદ્ય આશ્રય સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ જ છે અને આજ આશ્રય સ્વરૂપ શ્રીમદ્ ભાગવત તથા દશમ સ્કંધનું અંતિમ વાસ્તવ અને પરમ ધ્યેય છે.

●